RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 11 * Issue No. 161 * Date: 01.04.2025,Tuesday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# ગુજરાત સરકાર પહેલી એપ્રિલથી નવી જંત્રી લાગુ નહીં કરે



ગુજરાતમાં નવી જંત્રીને લઈને મોટા સમાચાર સામે આવ્યા છે. જેમાં રાજય સરકાર પહેલી એપ્રિલથી નવી જંત્રી લાગુ નહીં કરે તેમ જણાવ્યું છે. જંત્રીના દરને લઈને ૯૫ ટકા કામગીરી પૂર્ણ થઈ ગઈ હોવાનું સામે આવ્યું છે. આ દરમિયાન રાજય સરકારે હાલ નવી જંત્રીનો નિર્ણય મોકૂફ રાખ્યો છે. નવી જંત્રી લાગુ ન કરવા પાછળ મુખ્યત્ત્વે ત્રણ કારણો સામે આવ્યા છે. મળતી માહિતી મુજબ, રાજ્ય સરકારે પહેલી એપ્રિલથી નવી જંત્રી લાગુ ન કરવાનો નિર્ણય કર્યો છે, ત્યારે યોગ્ય સમયે નવી જંત્રીના દર લાગુ કરાશે. જો કે, મુખ્યત્ત્વે ત્રણ કારણોસર જંત્રીના નવા દર લાગુ ન કરાયાં હોવાનું સામે આવ્યું છે.

જેમાં જિલ્લા પ્રમાણેના અપૂરતા ડેટા, સ્ટેમ્પ પેપરની બેફામ ખરીદી, બિલ્ડરો લોબીમાં નારાજગીને કારણે નવા દર લાગુ કરવાનો નિર્ણય મોકૂફ રાખવામાં આવ્યો છે. તમને જણાવી દઈએ કે, નવેમ્બર ૨૦૨૪માં રાજ્ય સરકાર જંત્રીના ભાવમાં વધારો કરવાની જાહેરાત કરી હતી. રાજ્ય સરકાર દ્વારા નક્કી કરવામાં આવતા લેન્ડ વેલ્યૂ સર્ટિફિકેટને જંત્રી કહેવામાં આવે છે. જેમાં રાજ્યભરમાં જમીન અને સ્થાવર મિલકતના ભાવો નક્કી કરવામાં આવે છે. જંત્રીમાં જમીનના ખરીદ વેચાણ માટે સરકાર દ્વારા નિર્ધારિત લઘુતમ ભાવ હોય છે. જેમાં જંત્રી કરતાં વેચાણ દસ્તાવેજ વધુ હોય ત્યારે જ સરકારી ચોપડે જે-તે પ્રોપર્ટીના માલિકના નામે નોંધણી થશે. જંત્રીમાં જમીન કે મિલકતનો દસ્તાવેજ કરતી વખતે સ્ટેમ્પ ડ્યૂટી અને રજિસ્ટ્રેશન ચાર્જ કેટલો ચૂકવવવાનો તે નક્કી કરવામાં મદદ મળે છે.

## સુરેન્દ્રનગરમાં બેફામ ડમ્પરે સ્કૂલ વેનને મારી ટક્કર, ૧૦થી વધુ બાળકો ઈજાગ્રસ્ત

રાજયમાં અકસ્માત અને હિટ એન્ડ રન અનેક ઘટનાઓ સામે આવતી હોય છે, ત્યારે સુરેન્દ્રનગરના સાયલા-પાળીયાદ હાઈવે પર ડમ્પર ચાલકોનો ભારે આતંક જોવા મળી રહ્યો છે. હાઈવે પર ડમ્પર ચાલક સ્કૂલ વેનને ટક્કર મારીને ફરાર થઈ ગયો હતો. અકસ્માતની આ ઘટનામાં ૧૦થી વધુ બાળકો ઈજાગ્રસ્ત થયા હતા. જેમાં ૬ બાળકોને ગંભીર ઈજા પહોંચતા સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.





સુરેન્દ્રનગરના સાયલામાં પાળીયાદ હાઈવે પર સ્કૂલ વેનમાં ખાનગી શાળાના બાળકો સાંસ્કૃતિક કાર્યક્રમની પ્રેક્ટિસ પૂર્ણ કરીને ઘરે પરત ફરી રહ્યા હતા. આ દરમિયાન વાંટાવચ્છ ગામના બોર્ડ પાસે ડમ્પર ચાલકે સ્કૂલ વેનને ટક્કર મારતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં ૧૦થી વધુ બાળકો ઈજાગ્રસ્ત થતાં તેમને સારવાર અર્થે હોસ્પિટલ લઈ જવાયા હતા. અકસ્માતની આ ઘટનામાં સ્કૂલવાનનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો.

સુરેન્દ્રનગર જિલ્લાના સાયલા-પાળીયાદ હાઈવે પર ડમ્પર ચાલકોનો ત્રાસ વધી રહ્યો હોવાની ઘટનાઓ સામે આવી રહી છે. અગાઉ ત્રણ મહિના પહેલાં સાયલા-પાળીયાદ હાઈવે પર માલધારી અને ઘેટા-બકરાને ડમ્પર ચાલકે ટક્કર મારી હતી. જેમાં માલધારીને ગંભીર ઈજા પહોંચતા, ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે સારવાર અર્થે હોસ્પિટલ લઈ ગયા હતા. જ્યાં તેમનું મોત નીપજ્યું હતું. આ સાથે ૪૦ ઘેટા-બકરાને ટક્કર વાગતા મોત થયા, જ્યારે ૧૦ પશુઓના પગ ભાંગી ગયા હતા.

## મણિપુર સહિત ૩ રાજ્યોમાં છહ્લજીઁછ ૬ મહિના માટે લંબાવાયો: હિંસા અને અશાંતિને કારણે ગૃહ મંત્રાલયનો નિર્ણય

કેન્દ્ર સરકારે મણિપુર, નાગાલેન્ડ અને અરુણાચલ પ્રદેશના કેટલાક ભાગોમાં સશસ્ત્ર દળો વિશેષ સત્તા અધિનિયમ (છહ્લજીઁછ) છ મહિના માટે લંબાવ્યો છે. ગૃહ મંત્રાલયે એક સૂચના જારી કરીને આ માહિતી આપી.ગૃહ મંત્રાલયના જણાવ્યા અનુસાર, મણિપુરમાં ચાલી રહેલી હિંસાને કારણે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિની સમીક્ષા કર્યા પછી આ નિર્ણય લેવામાં આવ્યો છે. ૧ એપ્રિલ, ૨૦૨૫થી આગામી છ મહિના માટે ૧૩ પોલીસ સ્ટેશનોના અધિકારક્ષેત્ર સિવાય સમગ્ર મણિપુર રાજ્યમાં છહ્લજીઁછ અમલમાં રહેશે.અગાઉ સપ્ટેમ્બર ૨૦૨૪ માં, મણિપુરના ૬ જિલ્લાઓમાં છ મહિના માટે છહ્લજીઁછ લાગુ કરવામાં આવ્યો હતો. આ વર્ષે ૩૧ માર્ચે તે સમાપ્ત



થઈ રહ્યું હતું, પરંતુ રાજ્યમાં ચાલી રહેલી હિંસાને કારણે હવે આ નિર્ણય લેવામાં આવ્યો છે.નાગાલેન્ડ અને અરુણાચલના કેટલાક વિસ્તારોમાં અશાંતિને કારણે છહ્લજીઁછ લાગુ કરવામાં આવ્યો સૂચના અનુસાર, નાગાલેન્ડના દિમાપુર, નિઉલેન્ડ, ચુમોઉકેડિમા, મોન, કિફિરે, નોકલાક, ફેક અને પેરેન જિલ્લાઓને અશાંત વિસ્તારો તરીકે જાહેર કરવામાં આવ્યા છે. આ ઉપરાંત, કોહિમા, મોકોકચુંગ, લોંગલેંગ, વોખા અને ઝુન્હેબોટો જિલ્લાના કેટલાક પોલીસ સ્ટેશન વિસ્તારોનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. અહીં પણ છહ્લજીઁછ ૧ એપ્રિલ, ૨૦૨૫થી આગામી છ મહિના સુધી અમલમાં રહેશે.

છહ્લજીઁછ હેઠળ વોરંટ વિના ધરપકડ કરવાનો અધિકાર છહ્લજીઁછ ફક્ત અશાંત વિસ્તારોમાં જ લાગુ કરવામાં આવે છે. આ સ્થળોએ, સુરક્ષા દળો વોરંટ વિના કોઈપણની ધરપકડ કરી શકે છે. ઘણા કિસ્સાઓમાં, બળનો ઉપયોગ પણ થઈ શકે છે. આ કાયદો ૧૧ સપ્ટેમ્બર ૧૯૫૮ના રોજ ઉત્તર-પૂર્વમાં સુરક્ષા દળોની સુવિધા માટે પસાર કરવામાં આવ્યો હતો. ૧૯૮૯માં, જમ્મુ અને કાશ્મીરમાં આતંકવાદમાં વધારો થવાને કારણે, ૧૯૯૦માં અહીં પણ છહ્લજીઁછ લાગુ કરવામાં આવ્યો.

## બ્રિટિશ યુગની શકુંતલા રેલવેનું કેન્દ્ર હસ્તગત કરશે:માલિકી એક બ્રિટિશ કંપની પાસે છે

દેશમાં બ્રિટિશ યુગના રેલ નેટવર્કનો છેલ્લી નિશાની ઈતિહાસ બનવા જઈ રહી છે. ભારતીય રેલવે બ્રિટિશ કંપની ક્લિક-નિક્સન દ્વારા બનાવવામાં આવેલી શકુંતલા રેલવેને હસ્તગત કરવા જઈ રહી છે. આ વિભાગ હવે સેન્ટ્રલ પ્રોવિન્સ રેલવે કંપની (ઁઈઝ) ની માલિકીનો છે. મહારાષ્ટ્રના યવતમાળ અને અચલપુર વચ્ચે ૧૯૧૬માં બનેલો ટ્રેક ૧૮૮ કિમી લાંબો છે. તે સમયે, કોટન બેલ્ટ માટે આ રૂટ પર માલગાડીઓ અને પેસેન્જર ટ્રેનો દોડતી હતી. આમાંથી એક શકુંતલા એક્સપ્રેસ પણ હતી. તેથી તેનું નામ શકુંતલા રેલવે પડ્યું. ૧૯૫૨માં રેલવેનું રાષ્ટ્રીયકરણ કરવામાં આવ્યું,




પરંતુ આ ટ્રેક અલગ રહ્યો.વર્ષ ૨૦૧૬માં, આ નેરોગેજ ટ્રેકને ૧૫,૦૦૦ કરોડ રૂપિયાના ખર્ચે હસ્તગત કરીને તેને બ્રોડગેજમાં રૂપાંતરિત કરવાની યોજના બનાવવામાં આવી હતી. તેથી જુલાઈ ૨૦૧૭માં યવતમાળ-મુર્તિઝાપુર સેક્શન પર અને એપ્રિલ ૨૦૧૯ માં મુર્તિઝાપુર-અચલપુર સેક્શન પર સેવા રદ કરવામાં આવી હતી. ત્યારથી આ ટ્રેક બંધ છે. સંપાદન પ્રક્રિયા પૂર્ણ થયા પછી, તેને બ્રોડગેજમાં રૂપાંતરિત કરવામાં આવશે.દેશની આઝાદી પછી પણ, આ ટ્રેકની માલિકી બ્રિટનની એક પ્રાઈવેટ કંપની પાસે છે. કંપની પોતે આ ટ્રેકનું મેનેજમેન્ટ કરે છે. ૧૯૪૭માં જ્યારે દેશ આઝાદ થયો, ત્યારે ભારતીય રેલવેએ આ કંપની સાથે એક કરાર કર્યો, જેના હેઠળ આજે પણ ભારતીય રેલવે દ્વારા દર વર્ષે કંપનીને રોયલ્ટી ચૂકવવામાં આવે છે.રસપ્રદ વાત એ છે કે, શકુંતલા રેલ નેટવર્કનો ઉપયોગ કરવા માટે ઁઈઝને વાર્ષિક ૨-૩ કરોડ રૂપિયા રોયલ્ટી આપવામાં આવી રહી છે. સંપાદન પહેલાં, ઁઈઝ ૧૨-૧૬ કરોડ રૂપિયાની રોયલ્ટીનો દાવો કરી રહ્યું છે પરંતુ રેલવે તેને ટ્રેક મેન્ટેનન્સ વગેરે જેવી બાબતોમાં સમાયોજિત કરી શકે છે.

## શહેરમાં વૃક્ષની રક્ષા માટે ૨૦ હજાર ટ્રી ગાર્ડ ખરીદાશે

શહેરમાં વધુ વૃક્ષો ઉછરી શકે તે માટે મહાનગર પાલિકા દ્વારા વૃક્ષોની માવજત માટે ટ્રીગાર્ડ ખરીદવાનું નક્કી કરવામાં આવ્યું હતું અને તે અંતર્ગત ૮૩૮ રૂપિયાના ભાવે ૨૦,૦૦૦ જેટલા ટ્રીગાર્ડ ખરીદવા માટે ૧.૬૭ કરોડ રૂપિયાના ટેન્ડરને મંજૂરી માટે સ્થાયી સમિતિમાં મોકલી આપવામાં આવ્યું છે.એક સમયે સમગ્ર એશિયા ખંડમાં ગ્રીન કેપિટલ તરીકે ગાંધીનગરની ઓળખ થતી હતી પરંતુ સમય જતાની સાથે વિકાસ કામોમાં વૃક્ષો કપાવવાને કારણે ગાંધીનગરનું ગ્રીન કવર ઘટી ગયું છે. આ સ્થિતિમાં હવે મહાનગરપાલિકા દ્વારા શહેરમાં વધુને વધુ વૃક્ષો ઉછેરવામાં આવ્યા અને ફરીથી ગાંધીનગરને હરિયાળું સીટી બનાવવામાં આવે તે માટે પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. જેના ભાગરૂપે ચોમાસા દરમિયાન મહત્તમ વૃક્ષારોપણ કરવાની સાથે આ વૃક્ષો ઉછરે તે માટે કામગીરી કરવામાં આવી રહી છે. મોટાભાગે વૃક્ષો વાવી દીધા બાદ ટ્રી ગાર્ડના અભાવે તેની માવજત જ થઈ શકતી નથી તેના કારણે મહાનગરપાલિકા દ્વારા ૨૦૦૦૦ જેટલા ટ્રી ગાર્ડ ખરીદવાનું નક્કી કરવામાં આવ્યું હતું અને આ માટે ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. જે અંતર્ગત નીલ એન્ટરપ્રાઈઝ દ્વારા ૮૩૮ રૂપિયાના ભાવે ૨૦,૦૦૦ ગાર્ડ માટે ટેન્ડરમાં ૧.૬૭ કરોડ રૂપિયાનો ભાવ ભરવામાં આવ્યો હતો.

## ગાંધીનગરમાં બેવડી ઋતુનો અનુભવ:સવારે ૨૫ ડિગ્રી તાપમાન, બપોરે ૩૯ ડિગ્રી સુધી પહોંચશે



ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં હાલ બેવડી ઋતુનો અનુભવ થઈ રહ્યો છે. સવારે અને સાંજે ઠંડક અનુભવાય છે, જ્યારે બપોરના સમયે આકરી ગરમી પડે છે. આજે સોમવારે સવારે શહેરનું તાપમાન ૨૫ ડિગ્રી નોંધાયું છે.હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આજે મહત્તમ તાપમાન ૩૯ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૧૮ ડિગ્રી રહેવાની સંભાવના છે. સવારે પૂર્વ-ઉત્તરપૂર્વથી ૬ માઈલ પ્રતિ કલાકની ઝડપે હળવા પવન સાથે હવામાન સ્વચ્છ રહેશે. સાંજે તાપમાન ૨૮ ડિગ્રી રહેવાની આગાહી છે.

વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની સક્રિયતાના કારણે રાજ્યમાં માર્ચના છેલ્લા સપ્તાહથી બેવડી ઋતુનો અનુભવ થઈ રહ્યો છે. હવામાન વિભાગે આગામી દિવસોમાં કમોસમી વરસાદની આગાહી કરી છે. ૨૬ માર્ચથી ગુજરાતમાં તેની અસર જોવા મળી રહી છે. પશ્ચિમી ભેજવાળા પવનના કારણે ૧ એપ્રિલ સુધી રાજ્યનું વાતાવરણ વાદળછાયું રહી શકે છે. આ સમયગાળા દરમિયાન રાજ્યમાં કમોસમી માવઠાની શક્યતા છે.

તંત્રી લેખ...

# ૨૦૨૪-૨૫માં સોનાચાંદીમાં જંગી વળતર જ્યારે ઈક્વિટીની કામગીરી નિરાશાજનક

વર્તમાન નાણાં વર્ષ સમાપ્ત થવાની તૈયારીમાં છે ત્યારે વિવિધ એસેટ કલાસ પર વળતરની દ્રષ્ટિએ ઈક્વિટીસ અને રૂપિયા કરતા સોનાચાંદી પર રોકાણકારોને નોધપાત્ર વળતર પ્રાપ્ત થયું હોવાનું ઉપલબ્ધ ડેટા પરથી કહી શકાય એમ છે. પ્રાપ્ત ડેટા પ્રમાણે ૧લી એપ્રિલ, ૨૦૨૪થી ૨૮ માર્ચ, ૨૦૨૫ના ગાળામાં રોકાણકારોને ઈક્વિટીસ પર પાંચ ટકાથી સાધારણ વધારે વળતર પ્રાપ્ત થયું છે જ્યારે સોનાચાંદીમાં રોકાણ પર રોકાણકારોને જંગી વળતર પ્રાપ્ત થયું છે.૧લી એપ્રિલ ૨૦૨૪થી ૨૮મી માર્ચના ગાળામાં સોનાના ભાવમાં અંદાજે ૨૯ ટકા વધારો થયો છે જ્યારે ચાંદી આ એક વર્ષમાં ૩૪ ટકા ઉછળી હોવાનું સ્થાનિક સોનાચાંદી બજારના ભાવ સૂચવે છે.૧લી એપ્રિલ, ૨૦૨૪ના ૯૯.૯૦ સોનાના દસ ગ્રામના જીએસટી વગરના ભાવ રૂપિયા ૬૮૬૬૩ રહ્યા હતા જે ૨૮મી માર્ચના રૂપિયા ૮૯૧૬૪ બંધ રહ્યા હતા જ્યારે ચાંદી એક કિલોના રૂપિયા ૭૫૧૧૧ રહ્યા હતા તે વર્તમાન નાણાં વર્ષના અંતિમ સપ્તાહમાં રૂપિયા એક લાખને પાર કરી રૂપિયા ૧૦૦૮૯૨ બંધ રહી હતી. ઈક્વિટી રોકાણકારો માટે વર્તમાન નાણાં વર્ષ ભારે ઊથલપાથલમાં પસાર થયું છે. નાણાં વર્ષના પ્રથમ છ મહિનામાં જોવા મળેલો જંગી લાભ પાછલા છ મહિનામાં ધોવાઈ ગયો હતો અને બેન્ચમાર્ક સેન્સેકસે વર્તમાન નાણાં વર્ષના અંતે ૫.૧૧ ટકા વળતર પૂરુ પાડયું છે જ્યારે નિફ્ટી પર રોકાણકારોને ૫.૩૪ ટકા કમાણી થઈ છે.

# પહેલી એપ્રિલથી બદલાઈ જશે ટેક્સના ૧૦ નિયમો, રિટર્ન ફાઇલ કરતાં પહેલાં ખાસ જાણી લેજો




નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ (મૂલ્યાંકન વર્ષ ૨૦૨૬-૨૭) માટે જાહેર યુનિયન બજેટમાં નવું ઈન્કમ ટેક્સ બિલ રજૂ કરવામાં આવ્યું છે. તેમજ કરદાતાઓને નવી કર પદ્ધતિ હેઠળ આકર્ષિત કરવા અને કર માળખાને સરળ બનાવી કર અનુપાલનને સરળ બનાવવાના ઉદ્દેશ્યથી મોટા ફેરફારો લાગુ કરવામાં આવ્યા છે. આ ફેરફારોને ધ્યાનમાં રાખીને ટેક્સ પ્લાનિંગ કરવું જરૂરી છે. તો ચાલો આ ફેરફારોને વિગતવાર અને સરળ ભાષામાં જાણીએ.

બજેટ ૨૦૨૫માં સેક્શન ૧૧૫મ્છઝ હેઠળ નવા ટેક્સ સ્લેબની દરખાસ્ત કરવામાં આવી છે. આ સ્લેબ નવી કર વ્યવસ્થા (ડિફોલ્ટ ટેક્સ રિજીમ) હેઠળ લાગુ થશે. નવી કર વ્યવસ્થા હેઠળ રિબેટ લિમિટ રૂ. ૨૫૦૦૦થી વધારી રૂ. ૬૦૦૦૦ કરવામાં આવી છે. હવે રૂ. ૧૨ લાખ સુધીની આવક પર કોઈ ટેક્સ લાગુ થશે નહીં. જો કે, જૂની કર વ્યવસ્થામાં રિબેટ લિમિટ રૂ. ૧૨૫૦૦ જળવાઈ રહેશે.

યુનિટ્સ માટે કર મુક્તિની છેલ્લી તારીખ ૩૧ માર્ચ ૨૦૩૦ સુધી લંબાવવામાં આવી છે, જે રોકાણકારો અને વ્યવસાયોને લાંબા ગાળાના લાભો પ્રદાન કરશે. વિદેશી રોકાણકારો દ્વારા ઁલ્જીઝ પાસેથી ખરીદવામાં આવેલી જીવન વીમા પૉલિસી પર કોઈ ટેક્સ લાગશે નહીં, જે આંતરરાષ્ટ્રીય રોકાણને પ્રોત્સાહન આપશે. આ ઉપરાંત, સ્ટાર્ટઅપ્સ માટે પણ રાહત આપવામાં આવી છે, જ્યાં ૧લી એપ્રિલ ૨૦૩૦ સુધીમાં કલમ ૮૦ઁછઝ હેઠળ નોંધાયેલા સ્ટાર્ટઅપ્સને પ્રથમ ૧૦ વર્ષમાં ૩ વર્ષ માટે ૧૦૦% ટેક્સ છૂટ આપવામાં આવશે.

ટેક્સ સિસ્ટમને સરળ બનાવવા માટે, સેક્શન ૨૦૬છખ્ અને ૨૦૬ઝઝછ દૂર કરવામાં આવ્યા છે, જે ્ઙ્ઢજી અને ્ઝજીની જટિલતાઓને ઘટાડશે. ભાગીદારો માટે મહેનતાણું કપાત મર્યાદામાં પણ વધારો કરવામાં આવ્યો છે, જ્યાં રૂ. ૬,૦૦,૦૦૦ સુધીના પુસ્તક નફા પર મહત્તમ રૂ. ૩,૦૦,૦૦૦ અથવા ૯૦% (જે વધારે હોય તે) અને જો તે રૂ. ૬,૦૦,૦૦૦ કરતાં વધી જાય તો ૬૦% સુધી કપાતને મંજૂરી આપવામાં આવશે.

# યસ બેન્કને ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેન્ટે પાઠવી ૨૨૦૯ કરોડની નોટિસ, શેરમાં આ વર્ષે ૧૪ ટકાનો કડાકો

ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેન્ટે યસ બેન્કને રૂ. ૨૨૦૯ કરોડની ડિમાન્ડ નોટિસ પાઠવી છે. આ નોટિસ અસેસમેન્ટ યર ૨૦૧૯-૨૦ માટે આપવામાં આવી હોવાનું બેન્કે ગઈકાલે શનિવારે સ્ટોક એક્સચેન્જીસ પર જણાવ્યું હતું. ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેન્ટે એપ્રિલ-૨૦૨૩માં ૨૦૧૯-૨૦ના અસેસમેન્ટ યરને ટાંકી ડિમાન્ડ નોટિસ પાઠવી છે. ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેન્ટની નેશનલ ફેસલેસ અસેસમેન્ટ યુનિટે ૨૮ માર્ચના રોજ ફરીથી અસેસમેન્ટ ઓર્ડર રજૂ કર્યો હતો. જેમાં કોઈ વધારાની રકમ કે ટીકા ઉમેરવામાં આવી નથી. જે આધાર પર ફરી તપાસ શરૂ થઈ હતી, તેને પાછી ખેંચી લેતાં યથાવત રકમની ડિમાન્ડ નોટિસ પાઠવવા નિર્ણય લીધો હતો. અર્થાત પહેલાં કલમ ૧૪૪ હેઠળ મંજૂર કરવામાં આવેલા ઓર્ડરમાં બેન્ક દ્વારા દર્શાવવામાં આવેલી આવકનો સ્વીકાર કરવામાં આવ્યો છે. જેથી બેન્ક પર કોઈ વધારાની ટેક્સ ડિમાન્ડ લાગુ થતી નથી.

યસ બેન્કે જણાવ્યું કે, ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેન્ટની કલમ ૧૫૬ હેઠળ ટેક્સ ડિમાન્ડ નોટિસ અને કેલ્યુલેશન શીટ જાહેર કરવામાં આવી છે. જેમાં કુલ રૂ. ૨૨૦૯.૧૭ કરોડની માગ કરવામાં આવી છે. તેમાં રૂ. ૨૪૩.૦૨ કરોડ વ્યાજ પણ સામેલ છે. આ માગ 'પ્રથમ દ્રષ્ટીએ કોઈપણ ઠોસ પુરાવા વિના' થઈ છે. બેન્ક આ મામલે પોતાના પક્ષમાં મજબૂત આધાર રજૂ કરશે. આ આદેશથી તેની નાણાકીય, ઓપરેટિંગ અને અન્ય ગતિવિધિઓ પર કોઈ નકારાત્મક અસર થશે નહી. ફરીથી મૂલ્યાંકનના આદેશ વિરૂદ્ધ કાયદા હેઠળ અપીલ અને સુધાર પ્રક્રિયા શરૂ કરશે.

શુક્રવારે યસ બેન્કનો શેર ૨.૩૮ ટકા ઘટાડા સાથે રૂ. ૧૬.૮૮ પર બંધ રહ્યો હતો.

# પાટણમાં શ્રી પદ્મનાભજીની ૬૨૩મી જન્મજયંતીની ભવ્ય ઉજવણી: ૨ એપ્રિલે શોભાયાત્રા, હવન-યજ્ઞ અને મહાઆરતી સાથે ધાર્મિક કાર્યક્રમો યોજાશે




પાટણમાં પ્રજાપતિ સમાજના ઈષ્ટદેવ શ્રી પદ્મનાભ ભગવાનની ૬૨૩મી જન્મજયંતીની ઉજવણી ૨ એપ્રિલે કરવામાં આવશે. આ ઉજવણી શ્રી પદ્મનાભ મંદિર ટ્રસ્ટ, જન્મજયંતી મહોત્સવ સમિતિ અને પીપીએલ ગ્રુપના સંયુક્ત આયોજનમાં થશે. વહેલી સવારે મંદિર પરિસરમાં ફૂલોની આંગી રચના અને પૂજા-અર્ચના કરવામાં આવશે. સવારે ૮:૩૯ કલાકે જૂના પાવર હાઉસ પાસેના શ્રી નરસિંહજી મંદિરથી ભવ્ય શોભાયાત્રાનું પ્રસ્થાન થશે. શોભાયાત્રામાં ભગવાન પદ્મનાભ, ગણપતિજી, હરદેવજી અને નકળંગજીની પ્રતિમાઓ બગી ગાડીમાં બિરાજમાન કરાશે.

શોભાયાત્રામાં ૨૦૦થી વધુ કળશધારી કુમારિકાઓ, ચાર દેવતાઓની બગીઓ, બે ડીજે, દસ શણગારેલી ઉટલારીઓ અને પ્રસાદ વિતરણ માટે એક ટ્રેક્ટર સાથે અડધો કિલોમીટર લાંબો કાફલો જોડાશે. શોભાયાત્રા પિડારીયા વાડો, દોશીવટ બજાર, મેઈન બજાર થઈને બપોરે ૧૧:૩૯ કલાકે શ્રી પદ્મનાભ મંદિરે પહોંચશે. માર્ગ પર વિવિધ સમાજના સેવાભાવીઓ અને મુસ્લિમ સમાજ દ્વારા ઠંડા પાણી અને શરબતના સેવા કેમ્પ ચલાવવામાં આવશે. પ્રજાપતિ યુથ કલબના યુવાનો શોભાયાત્રા માર્ગની સફાઈની જવાબદારી સંભાળશે. મંદિર પરિસરમાં વિષ્ણુ યાગ, ૨૮ કીર્તનની સેવા-પૂજા, ધ્વજાદંડ અને મહાઆરતી જેવા ધાર્મિક કાર્યક્રમો યોજાશે. કાર્યક્રમના અંતે સમૂહ પ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે.

# પાટણમાં રમઝાન ઈદની ભવ્ય ઉજવણી:ઈદગાહ ખાતે હજારો મુસ્લિમ બિરાદરોએ નમાજ અદા કરી





પાટણ શહેર અને જિલ્લામાં રમઝાન માસની પૂર્ણાહુતિ નિમિત્તે ઈદ-ઉલ-ફિત્રની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. સિદ્ધિ સરોવર સામે આવેલ ઈદગાહ ખાતે મોટી સંખ્યામાં મુસ્લિમ બિરાદરો એકત્રિત થયા હતા. મૌલાના સિદ્દીકે નમાજ અદા કરાવી હતી.ઈદગાહ ખાતે પાટણના ધારાસભ્ય કિરીટ પટેલ અને પાલિકા પ્રમુખ હિરલબેન પરમાર સહિત ભાજપ-કોંગ્રેસના આગેવાનોએ મુસ્લિમ સમાજને શુભેચ્છાઓ પાઠવી હતી. સુરક્ષાની દષ્ટિએ ઈદગાહ અને જિલ્લાની વિવિધ મસ્જિદોમાં પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.મૌલાના ઈમરાને ઈદના સંદેશમાં દેશમાં કાયદા-કાનૂનમાં સમાનતા અને સામાજિક એકતાનો સંદેશ આપ્યો હતો. રમઝાન માસ દરમિયાન ૨૯ રોજા પૂર્ણ થયા બાદ ચાંદ દેખાતા ગુજરાતમાં ઈદની ઉજવણી કરવામાં આવી હતી.ઈસ્લામ ધર્મમાં રમઝાન માસને સૌથી પવિત્ર માનવામાં આવે છે. આ માસમાં હજરત મોહમ્મદ પયગંબર (સ.અ.વ.) પર પવિત્ર કુરાન નાઝિલ થયું હતું.

# ગુજરાતમાં વાતાવરણમાં ડબલ અસર; ક્યાંક માવઠું તો ક્યાંક હિટવેવ



અમદાવાદ,

ગુજરાતમાં વાતાવરણ ડબલ અસર વર્તાઇ રહી છે, રાજયમાં હવામાનનું બેવડું સ્વરૂપ જોવા મળી રહ્યું છે. આ દરમિયાન હવામાન વિભાગે આગામી ૦૩ એપ્રિલ, ૨૦૨૫ સુધી સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાત અને ઉત્તર ગુજરાતના સહિતના વિસ્તારોમાં મેઘગર્જના સાથે માવઠાની આગાહી કરી છે. તો બીજી તરફ, આવતીકાલે સોમવારે (૩૧ માર્ચ, ૨૦૨૫) રાજયના એક જિલ્લામાં હવામાન વિભાગે યલો એલર્ટ જાહેર કર્યું છે. આ સાથે ૦૧ એપ્રિલ સુધી ગુજરાતના દરિયાકાંઠાના વિસ્તારોમાં ગરમ અને ભેજવાળું હવામાન રહેશે.

રાજયમાં અલગ અલગ જગ્યાઓ પર મહત્તમ અને લઘુતમ તાપમાનમાં ફેરફાર જોવા મળી રહ્યો છે, ત્યારે હવામાન વિભાગે ભર ઉનાળે માવઠાના આગાહી કરી છે. જયારે આવતીકાલે ૩૧ માર્ચે પોરબંદર જિલ્લામાં હીટવેવને લઈને હવામાન વિભાગે યલો એલર્ટ જાહેર કર્યું છે અને દરિયાકિનારાના વિસ્તારોમાં બફારો અનુભવાશે. આ ઉપરાંત, આવતીકાલે સોમવારે અમદાવાદ અને તેની આસપાસના વિસ્તારોમાં મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રી અને લઘુતમ તાપમાન ૨૦ ડિગ્રી રહેવાની શક્યતા છે.

આવનાર દિવસો માટે હવામાન વિભાગની આગાહી મુજબ, રાજયમાં આગામી ચાર દિવસ સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાત અને ઉત્તર ગુજરાતના જિલ્લાના છૂટાછવાયા સ્થળોએ ગાજવીજ સાથે હળવા કમોસમી વરસાદની આગાહી કરી છે. જેમાં આવતીકાલે સોમવારે (૩૧ માર્ચ, ૨૦૨૫) નર્મદા, તાપી, ડાંગ જિલ્લામાં અને ૦૧ એપ્રિલ, ૨૦૨૫ના રોજ અમરેલી, ભાવનગર, ભરૂચ, છોટા ઉદેપુર, નર્મદા, સુરત, તાપી, નવસારી, ડાંગ, વલસાડ જિલ્લાના છૂટાછવાયા સ્થળોએ ગાજવીજ સાથે હળવાથી મધ્મય વરસાદીની આગાહી છે.

હવામાન વિભાગ મુજબ ૦૨ એપ્રિલ, ૨૦૨૫એ ૧૯ જિલ્લામાં કમોસમી વરસાદની આગાહી છે. જેમાં ગીર સોમનાથ, અમરેલી, બોટાદ, ભાવનગર, અરવલ્લી, ખેડા, મહીસાગર, પંચમહાલ, દાહોદ, આણંદ, વડોદરા, છોટા ઉદેપુર, ભરૂચ, નર્મદા, સુરત, તાપી, ડાંગ, નવસારી, વલસાડ જિલ્લામાં અને ૦૩ એપ્રિલ, ૨૦૨૫ના રોજ પંચમહાલ, દાહોદ, છોટા ઉદેપુર, નર્મદા, તાપી જિલ્લાના છૂટાછવાયા સ્થળોએ ગાજવીજ સાથે હળવાથી મધ્મય વરસાદીની હવામાન વિભાગે આગાહી કરી છે.

# કાર અકસ્માતમાં કહેવાતા ડ્રાઈવરની ધરપકડ કરાઈ, સગીર સામે કાર્યવાહી




રાજકોટ : ન્યારી ડેમ પાસે આઠેક દિવસ પહેલા કાર હડફેટે ઘવાયેલા પરાગ ગોહેલ (ઉ.વ. ૧૮, રહે. ૫૦ વારીયા, મોટામવા)નું મૃત્યુ નિપજયું હતું. પોલીસ તપાસ સામે સવાલ ઉઠાવતી આ ઘટનામાં મૃતકના પરિવારજનોએ ન્યાયની માંગ સાથે મૃતદેહ સ્વીકારવાનો ઈન્કાર કરી દીધો હતો. જેને લઇ પોલીસમાં દોડધામ મચી ગઇ હતી. બીજી ભેદ આ બનાવમાં કાર ચાલક બદલી દેવાયાનો પણ આક્ષેપ કરાતા તાલુકા પોલીસે તપાસ કરી કાર ચાલક તરીકે રજુ કરાયેલા પ્રવિણસિંહ બચુભા જાડેજા (ઉ.વ. ૫૫, રહે. વિષ્ણુ વિહાર, યુનિ. રોડ)ની ધરપકડ કરવા ઉપરાંત અકસ્માત સમયે કાર ચલાવનાર ૧૫ વર્ષના તરૂણ સામે પણ કાર્યવાહી કરી હતી. આ ઉપરાંત પીએસઆઇ સામે પણ ઈન્કવાયરી શરૂ કરાઇ હોવાનું સુત્રોએ જણાવ્યું છે.

પ્રાપ્ત માહિતી મુજબ, આઠેક દિવસ પહેલાના અકસ્માતમાં ઘાયલ પરાગ ગોહેલને તબીબોએ બ્રેઈન ડેડ જાહેર કર્યા બાદ ગઇકાલે તેનું મૃત્યુ નિપજયું હતું. જે-તે સમયે અકસ્માત અંગે ક્રિશ મેર નામના ૨૦ વર્ષીય યુવકે નોંધાવેલી ફરિયાદમાં પ્રવિણસિંહ જાડેજા વિરુધ્ધ ફરિયાદ નોંધાવી હતી. આ બાદ ક્રિશે ગૃહરાજ્ય મંત્રી, સીપી વગેરેને એક અરજી આપી એવો આક્ષેપ કર્યો હતો કે, અકસ્માત સર્જનાર નબીરાને બચાવી લેવા ખોટા ડ્રાઈવર સામે કાર્યવાહી શરૂ કરાઇ છે.

તેણે અરજીમાં જણાવ્યું હતું કે, અકસ્માત બાદ તે સ્થળ પર પહોંચતા કારમાંથી ત્રણ વ્યકિત ઉતર્યા હતા. ડ્રાઈવર સાઇડના દરવાજેથી એક છોકરો નિકળ્યો હતો. જે પાછળની સીટ ઉપર બેસી ગયો હતો અને પાછળની સીટ ઉપર બેસેલા આધેડ વયનો શખ્સ ડ્રાઈવીંગ સીટ ઉપર બેસી ગયો હતો. જે તે સમયે તાલુકા પોલીસ મથકમાં કહેવાતો કાર ડ્રાઇવર પ્રવિણસિંહ હાજર થઇ ગયો હતો. તે સમયે તેણે પોલીસને પ્રવિણસિંહ ગાડી ચલાવતા ન હોવાનું અને ડ્રાઈવિંગ સીટ પર લાંબો સરખો છોકરો બેઠો હોવાની વાત કરી હતી. પરંતુ પીએસઆઇ એસ.પી. ચૌહાણે આ વાત માની ન હતી. બીજી તરફ મૃતક યુવાન પરાગ ગોહેલના પરિવારજનોએ ન્યાયની માંગ સાથે મૃતદેહ સ્વીકારવાનો ઈન્કાર કરી દેતા દોડધામ મચી ગઇ હતી.

# ખેડાના મહેમદાવાદની મહિલા સહિતની ગેંગના સાગરિતો પકડાયા

મહેસાણા : મહેસાણા જિલ્લાના ઊંઝામાં રિક્ષામાં મુસાફર તરીકે બેસાડી નજર ચૂકવી સોનાના દાગીનાની ચોરી કરવાના ગુનામાં પૂર્વ બાતમીના આધારે લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે મહેસાણા શહેરના રામોસણા નજીકથી ખેડા અને આણંદના બે શખસોને સોનાના ઘરેણાં, મોબાઈલ, કાતર, રિક્ષા મળી રૂ.૫.૪૦ લાખના ચોરાઉ મુદ્દામાલ સાથે ઝડપી લીધાં હતા. આગળની તપાસ ઊંઝા પોલીસ ચલાવી રહી છે. પોલીસ તપાસમાં મહિલા સહિત ચાર શખસોની સંડોવણી ખુલી હતી. પોલીસે ફરાર ત્રણ જણાને ઝડપી લેવાની તજવીજ હાથ ધરી હતી.મહેસાણા શહેરના રામોસણા વિસ્તારમાં લોકલ ક્રાઈમ બ્રાન્ચના માણસો પેટ્રોલિંગમાં હતા.

# જામનગરમાં જૂના મનદુ:ખને લીધે રિક્ષા ચાલક યુવાનની કરપીણ હત્યા



જામનગર : જામનગરમાં દિગજામ સર્કલ નજીક સિદ્ધાર્થ નગરમાં રહેતા એક રીક્ષા ચાલક યુવાનને ગઈકાલે રાત્રે સમાધાનના માટે બોલાવ્યા બાદ તેને એક મહિલાના ઘેર લઈ જઈ જૂના મનદુ:ખના કારણે પાંચ શખ્સોએ તેની હત્યા નિપજાવી હોવાનો મામલો સામે આવ્યો છે. પોલીસે મૃતકની માતાની ફરિયાદના આધારે પાંચ શખ્સો સામે ગુનો નોંધ્યો છે, જે પૈકી ૪ ની અટક કરી લીધી છે. આ હત્યા કેસના બનાવની વિગત એવી છે કે જામનગરમાં સિદ્ધાર્થ નગર વિસ્તારમાં રહેતા અને રીક્ષા ડ્રાઈવિંગ કરતા કાનજીભાઈ ધનજીભાઈ પરમાર નામના ૨૩ વર્ષના યુવાનનો દિગજામ સર્કલ નજીકથી લોહીથી લથબથ હાલતમાં આજે સવારે મૃતદેહ મળી આવ્યો હતો. પોલીસે હત્યા ની આશંકા વ્યક્ત કરીને મૃતદેહનો કબજો સંભાળ્યો હતો, અને પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું. સમગ્ર મામલામાં જૂનું મનદુ:ખ કારણભૂત હોવાનું અને તેના કારણે આ હત્યા કરી હોવાનું સામે આવ્યું હતું.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ







**NOG SS No : 321**

વિષય. સુનિતા વિલિયમ્સ
શીર્ષક. ભારત ની ગરિમા
પ્રકાર ગદ્ય. શબ્દ. ૧૮૮

સુનિતા વિલિયમ્સ એક પ્રખ્યાત ભારતીય મૂળની અમેરિકન અંતરિક્ષ યાત્રી છે. તેઓ નાસા **(NASA)** માટે કામ કરે છે અને તેમણે અંતરિક્ષમાં લાંબી અવધિ સુધી રહેવાનો રેકોર્ડ પણ બનાવ્યો છે.
તેમનો જન્મ: ૧૯ સપ્ટેમ્બર ૧૯૬૫
યૂનાઈટેડ સ્ટેટ્સ (ક્લીવલેન્ડ, ઓહાયો)થયો
પૂરું નામ: સુનિતા લીં વિલિયમ્સ
તેમનાં પિતા દિપક વિલિયમ્સ ભારતીય મૂળના છે, અને માતા બોની વિલિયમ્સ યૂરોપીય મૂળની છે.
સુનિતા વિલિયમ્સે મેસાચ્યુસેટ્સ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી **(MIT)**માંથી ઈજનેરીની ડિગ્રી પ્રાપ્ત કરી.

તે પછી તેમણે યુ.એસ. નેવીમાં જોડાયા અને હેલિકોપ્ટર પાઈલટ તરીકે સેવા આપી.
નાસા દ્વારા પસંદગી મળ્યા બાદ તેમણે અનેક અંતરિક્ષ મિશન કર્યાં.
તેઓ આંતરરાષ્ટ્રીય અવકાશ સ્ટેશન **(ISS)** પર ૧૯૫ દિવસ માટે રહ્યા હતા.
અંતરિક્ષમાં સૌથી વધુ ચાલવા **(Spacewalk)** માટે મહિલાઓમાં રેકોર્ડ બનાવ્યો.
બીજું મિશન **(Expedition 32/33, 2012):**

૧૨૭ દિવસ સુધી અંતરિક્ષમાં રહ્યા.
**ISS** પર કમાન્ડર બનનારી ઓલ્ફ પ્રથમ ભારતીય મૂળની મહિલા બન્યા
તેમને ભારતીય સંસ્કૃતિ પ્રત્યે પ્રેમ છે, અને **ISS** પર ગંગા નદીનું એક લોટી અને ભગવદ ગીતા લઈ ગયા હતા.
તેઓ નાસાના આગામી "આર્ટેમિસ" મિશન માટે પસંદગીમાં છે, જે માનવજાતીને ચંદ્ર પર પાછા મોકલવા માટેનું મિશન છે.
સૌજન્ય(ઈન્ટરનેટ)પરથી મળેલી માહિતી પ્રમાણે
સુચી રાવલ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No : 0110**

વિષય- ★અવકાશયાત્રી સુનિતા વિલિયમ્સ★
શીર્ષક-“★ સાહસ અને ધૈર્યનું વૈશ્વિક વ્યક્તિત્વ★”
પ્રકાર-ગદ્ય શબ્દ- ૩૪૮

છેલ્લાં થોડા દિવસોમાં પ્રત્યેક અમેરિકનની તો ઠીક પરંતુ પ્રત્યેક ભારતીયની છાતી ગજગજ ફૂલે એવા સમાચાર ભારતીય મૂળની દીકરી એવી સુનિતા વિલિયમ્સે આપ્યા છે. તેમણે અમેરિકાની યુએસ નવલ એકેડેમીમાં ભ.જી અને ત્યારબાદ ફ્લોરીડા ઈન્સ્ટિટયૂટ ઓફ ટેકનોલોજીમાં સ.જી. કરી અભ્યાસ પૂરો કર્યો. તેમના લગ્ન અમેરિકન શ્રી માઈકલ જે વિલિયમ્સ સાથે થયેલા છે. મૂળ ભારતીય પરંતુ અમેરિકામાં જઈ વસવાટ કરેલ શ્રી દિપક પંડ્યા અને બોની પંડ્યાના સંતાન તરીકે ૧૯ સપ્ટેમ્બર ૧૯૬૫ના દિવસે અમેરિકામાં જન્મેલી સુનિતાએ ભારતની અને ખાસ કરીને અમદાવાદની પનોતી પુત્રી તરીકે આપણને સહુને ભરપેટ ગૌરવ અપાવ્યું, જ્યારે તેમના ત્રીજા સ્પેસ મિશનના સમાપન બાદ ૧૮ માર્ચ ૨૦૨૫ના દિવસે પૃથ્વી પર સફળ પરત ઉતરાણ કર્યું.
સુનિતા વિલિયમ્સ યુએસ નેવી ઓફિસર તરીકેની કારકિર્દી બાદ અમેરિકાના વિશ્વપ્રસિદ્ધ અને પ્રતિષ્ઠિત અવકાશ સંશોધન સંસ્થા નાસાના આંતરરાષ્ટ્રીય સ્પેસસ્ટેશનના કાર્યક્રમોમાં જોડાયા. નાસાના સ્પેસ એક્સપીડીશન ૧૪, ૧૫ અને ત્યારબાદ ૩૨, ૩૩માં તેમણે ફ્લાઈટ એન્જિનિયર અને કમાન્ડર તરીકે ખૂબ અગત્યની ભૂમિકા ભજવી. નાસાના કોમર્શિયલ ક્રયુ પ્રોગ્રામમાં જોડાઈ ૨૦૨૪માં ઓર્બિટલ સ્પેસક્રાફ્ટની ફ્લાઈટમાં વિશ્વની પ્રથમ મહિલા તરીકે બોઈંગ ક્રયુ ફ્લાઈટ ટેસ્ટમાં આંતરરાષ્ટ્રીય સ્પેસમિશનમાં ભાગ લઈ આખા વિશ્વની મહિલાઓને ગર્વ અપાવ્યું.
છેલ્લા મિશનમાં સુનિતા વિલિયમ્સની આંતરરાષ્ટ્રીય સ્પેસસ્ટેશનની અંતરીક્ષ સફર અત્યંત રોમાંચક રહી. ગણતરીના દિવસો માટે અંતરીક્ષમાં પહોંચેલી સુનીતાને અત્યંત જટિલ એવી ટેકનિકલ સમસ્યાઓ ઊભી થવાને કારણે આંતરરાષ્ટ્રીય સ્પેસસ્ટેશનમાં જ વધુ રોકાવું પડ્યું અને આશરે નવ માસના રોકાણ બાદ તેઓ પૃથ્વી ઉપર ૧૮ માર્ચ ૨૦૨૫ના દિવસે પાછા આવી શક્યા. સુનિતાએ અંતરીક્ષમાં ૬૨ કલાક અને ૬ મિનિટ સ્પેસ વોક કરવાનો આખા વિશ્વમાં ચોથા ક્રમનો અને મહિલા તરીકે પ્રથમ ક્રમે રેકોર્ડ સ્થાપિત કર્યો છે.
તેમની આ બધી સિદ્ધિઓ અતિશય તીવ્ર બુદ્ધિ, હોંશિયારી, કુશળતા, હિંમત, આત્મવિશ્વાસ અને ધૈર્ય માંગી લે તેવી અસામાન્ય સિદ્ધિઓ છે. જટિલમાં જટિલ ટેકનોલોજી અને ભરપૂર અનિશ્ચિતતાઓથી ભરેલી સ્પેસની આ સફર હોય છે. અવકાશમાં હલનચલન, ખોરાક અને અતિપ્રતિકુળ વાતાવરણમાં રોજિંદુ કાર્ય કરવાની અને જીવન જીવવાની એક વિશિષ્ટ કળા શીખવી પડે છે અને રોજ ઊભી થતી કંઈક નવી સમસ્યાઓનું પૃથ્વીથી આટલે દૂર અવકાશમાં હિંમત, ધૈર્ય અને કુનેહપૂર્વક નિરાકરણ પણ લાવવું પડે છે. આ બધામાં આપણી સુનિતા વિલિયમ્સ સફળતાનો ઝંડો લહેરાવીને પૃથ્વી ઉપર પરત થઈ છે. સાહસ અને ધૈર્ય ભરેલ સુનિતાને ગર્વ ભેર સલામ.
નિખિલ કિનારીવાળા, અમદાવાદ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No:–335**

વિષય:– "અવકાશયાત્રી સુનિતા વિલિયમ્સ "
શીર્ષક:–સબળ સંકલ્પ
પ્રકાર:– ગદ્ય શબ્દો:–૧૯૮

આજે દીકરીઓ અને મહિલાઓ ખૂબ ઊંચા શિખરો સર કરીને સફળતા મેળવી રહી છે ને પોતાનું લક્ષ્ય સિદ્ધ કરી રહી છે. માતાપિતાની છત્ર છાયા નીચે તો દીકરીઓને સપનાં પૂર્ણ કરવાનાં અધિકારો મળતાં જ હોય છે પરંતુ ભાગ્યે જ સાસરીયાવાળાઓ વહુનાં સપનાં પુરાં કરી શકતા હોય છે. આજે આપણે સૌ જાણીએ છીએ કે સુનિતા વિલિયમ્સને પોતાનાં પતિ તરફથી મળેલાં સપોર્ટથી આજે તે અવકાશયાત્રા સુધી પહોંચી અને યાત્રા પૂર્ણ કરી ધરતી પર પરત પણ આવી ગઈ. નવ–નવ મહિનાઓ સુધી પોતાનાં પરિવારોથી દૂર રહીને, જીવને જોખમમાં મૂકીને, પોતાનાં લક્ષ્યની પ્રાપ્તિ કરીને આજે સુનિતા વિલિયમ્સ અઢળક શુભેચ્છાઓની હકદાર બની ગઈ છે. આજના સાંપ્રત સમયમાં આપણે જોઈએ તો રસોડામાં રસોઈ કરતી દીકરી અને મહિલાઓ ક્યાં સુધી પહોંચી ગઈ છે. પિયરમાં દીકરી અઢાર કે વીસ વર્ષની થાય એટલે એ દીકરીને સાપનો ભારો સમજીને પારકાં ઘરે મોકલી દેવામાં આવે છે, પરંતુ એ દીકરીઓનાં પણ કંઈક સપનાઓ હોય છે, પોતાનાં અરમાનો, ઈચ્છાઓ હોય છે, એ કોઈ જાણતું દ્ધ નથી અને એનાં સપનાઓનું અકાળે અવસાન થઈ જાય છે. દરેક મહિલા સુનિતા વિલિયમ્સ ન બની શકે પરંતુ એની ક્ષમતા મુજબ એની અંદર છુપાયેલી કલાને બહાર લાવી અને એને ધારેલાં લક્ષ્ય સુધી જરૂર પહોંચાડી એને સફળતાની સીડીઓ ચઢાવવામાં પોતાનાં પરીવારજનોએ બને એટલો સાથ અને સહકાર આપીને મદદરૂપ થવું જોઈએ.
બીના આહીર 'ધરતી ' ભાવનગર રાજપરા ખોડિયાર

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOGSS NO: 382**

વિષય : અવકાશયાત્રી સુનિતા
શીર્ષક : પૃથ્વીના ઉરનું ગાણું સુનિતા.
પ્રકાર : પદ્ય - શબ્દો : ૯૮

પૃથ્વીના ઉરનું ગાણું સુનિતા, અવકાશી પંત
વાહ રે!
ગુજરાતની ઝુલાસણી કીર્તિ યશવંત
ભારતની ભોમકાની તું અમેરિકી વસંત

ગમે તને સુનિતા, ટમટમતું આભલું અનંત
સાહસ ધૈર્યની પાંખે સજતી કોડીલા ઉમંગ

પલાણવા અંતરિક્ષ કીધાં કૌશલ્યે તન તૈયાર
નાસાએ નાણી નારી, છે વિરાંગના અસવાર

બની અવકાશ યાત્રી, સુનિતા વિલિયમ્સ રચવા ઈતિહાસ
પંડ્યા પિતાજી દીપક , માત બોની અભિલાષ

નીરખે ગગનથી ચાંદ અવની સંગ ગેબી અંધાર
કરી નવ સ્પેસ વોક કમાન્ડરે કીધા લલકાર

તરે શુન્યાવકાશે, સંશોધનની નજરે આદરી અભિયાન
બસો છ્યાસી દિન પ્રયોગ કાજ, ધર્યું નીજ તન થઈ સભાન

કિધા સુવર્ણ અક્ષરે અંકિત અનોખા કીર્તિમાન
અવકાશયાત્રી સુનિતા પદ્મભૂષણ કોટિ સલામ
રમેશ પટેલ(આકાશદીપ)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO 153**

વિષય:- " અવકાશયાત્રી સુનિતા વિલિયમ્સ"
શિર્ષક :- "ભારત નું નઝરાણું "
પ્રકાર :- પદ્ય. શબ્દો :- ૧૦૧
નામ:-જિતેન્દ્ર શાહ,અમદાવાદ.

આ માસ નું પૃથ્વી પર નું ગાણું છે સુનિતા વિલિયમ્સ,
ભારત નું નામ સુવર્ણ અક્ષરે લખવા નું ટાણું છે સુનિતા વિલિયમ્સ,
દુનીયા નાં મોં પર એક જ નામ છે સુનિતા વિલિયમ્સ,
ચોરે ને ચૌટે ઢોલ વાગે છે નામે સુનિતા
આભાર - નિહારીકા રવિયા વિલિયમ્સ,
ભારત નું માનીતું નઝરાણું છે સુનિતા વિલિયમ્સ,
સમસ્ત બ્રહ્માંડ નાં ભેદ ઉકેલ્યા હતાં ભારતે,
નવ માસ શ્રી ગણેશ અને ગીતા ને સાથે રાખ્યા સુનિતા વિલિયમ્સે,નવ માસ અવકાશ માં રહેવા નો રેકોર્ડ સ્થાપ્યો ભારત ની સુનિતા વિલિયમ્સે.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO- 0050**

વિષય - અવકાશયાત્રી સુનિતા વિલિયમ્સ.
શીર્ષક - વીરાંગના સુનિતા વિલિયમ્સ.
પ્રકાર - પદ્ય, સંખ્યા - ૧૦૫.

યુનાઈટેડ સ્ટેટ્સના નૌકાદળના અધિકારી આતો ,
નાસાના અવકાશયાત્રી બોલો, સૌથી લાંબી સફર સ્ત્રી અવકાશયાત્રીએ કરી,
સાહસને સિદ્ધિ અનોખી મુળે ભારતીય..!

કદી ના હારી ધૈર્ય રાખી લડતી રહી,
નવ માસ માને જન્મ દેતાં થાય સ્પેસમાંથી નવ માસે પાછી આવી,
ઉંચી કરી ઉડાનને ઉંચા સપનાં તેનાં ,
જાનની બાજી લગાડી હિંમત ના હારવી શીખવે..!

વિપરીત સ્થિતિમાં હિંમત રાખી જંગ લડી,
આજની નારી કદી ના હારી શીખવે હિંમતથી,
આશાનું કિરણ બની સૌની લાડલી ,
યુગો યુગો સુધી યાદ કરતાં રહેશે..!

લાડલી "સુનિતા વિલિયમ્સ" ને,
ઈતિહાસ રચી પદ્મભૂષણી ગુજરાતની લાડલીએ ,
ધીરજ, કષ્ટ ને ,ના ડરી હિંમત ધરી પ્રેમે,
મોતને કર્યું માતને ભાગીરથ કામ કર્યું..!
સો સો સલામ વ્હાલી સુનિતાને, આત્મવિશ્વાસને આત્મબળની સાથે સાબિત કર્યું ,
એવી ભારતીય નારી આભને શરમાવી આવી પાછી..!
રાગિની શુક્લ "રાગ" મુંબઈ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO- 376**

વિષય:- સુનિતા વીલિયમ્સ
શીર્ષક:- સ્નેહાળ સુનિતા
પ્રકાર :- પદ્ય. શબ્દ:- ૯૪

શુ કહેવું, શું કહેવું, સુનિતાજી તમને શું કહેવું,
તમે છો વહાલા દીકરી, ભલે અમેરિકાના રહ્યા વહુ.

ગરવી ગુજરાતનું ગૌરવ તમો, અંતરીક્ષમાં રહ્યાં બહું,
ઓવારણાં લઈ એ દીકરી, કષ્ટની વાતો તમને શું કહું.

નવ નવ માસ નિરંતર રહ્યાં, નિરાકારમાં તમે બહું,
આવો આવો ઈન્ડિયામાં સ્વાગત કરીએ અમે સહું.

સાહસ ખેડ્યું તમે સુનીતા, જોબનવંતા તમે બહું,
પ્રેરણા મૂર્તિ પદમણી, તમો વસુંધરાને વહાલાં બહું.

સ્નેહ મૂર્તિ સુનીતાજી, વાત્સલ્યની વાત શું કહું,
નીડર નાસાનું નારીત્વ તમો સત્કારીએ અમે સહું.

અપેક્ષા શાહ "શ્રીજી"અમદાવાદ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NGO SS NO: 219**

વિષય : અવકાશયાત્રી સુનિતા વિલિયમ્સ
શીર્ષક : સુનિતા વિલિયમ્સઃ એક વિરલ
પ્રકારઃ પદ્ય. શબ્દોઃ૨૦૦

સુનિતા વિલિયમ્સ **(Sunita Williams)** એ એક એવી વ્યક્તિ છે, જે વિશ્વભરના લોકોને પ્રેરણા આપે છે. ભારતીય મૂળની આ અમેરિકન એસ્ટ્રોનોટે નાસામાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે. તેમનું જીવનસફર મહેનત, ધીરજ અને અડગ મનોબળનું ઉત્તમ ઉદાહરણ છે.

પ્રારંભિક જીવન અને શિક્ષણ

સુનિતા વિલિયમ્સનો જન્મ ૧૯ સપ્ટેમ્બર, ૧૯૬૫ના રોજ ઓહિયો, અમેરિકા ખાતે થયો હતો. તેમના પિતા પંડ્યા ગુજરાતી મૂળના હતા અને ન્યુરોસાયન્ટિસ્ટ હતા. સુનિતાએ યુનાઈટેડ સ્ટેટ્સ નેવલ એકેડમીમાંથી એન્જિનિયરિંગમાં ડિગ્રી મેળવી અને યુ.એસ. નૌકાદળમાં પાઈલટ તરીકે સેવા આપી.

અંતરિક્ષમાં વિક્રમોઃ

તેમણે ૨૦૦૬-૦૭માં આંતરરાષ્ટ્રીય અંતરિક્ષ કેન્દ્ર **(ISS)** પર ૧૯૫ દિવસ વિતાવી વિશ્વમાં મહિલાઓ માટે લાંબા સમય સુધી અંતરિક્ષમાં રહેવાનો રેકોર્ડ સ્થાપ્યો. તેઓ અંતરિક્ષમાં ચાલનારી **(spacewalk)** પ્રથમ ભારતીય મૂળની મહિલા પણ છે.

સફળતાના પ્રેરણાદાયી પાઠઃ

૧. મહેનત અને દ્રઢ સંકલ્પઃ સુનિતાએ સંઘર્ષો અને પડકારોનો સામનો કરીને પોતાનું લક્ષ્ય હાંસલ કર્યું.

૨. શિક્ષણની મહત્તાઃ એન્જિનિયરિંગ અને વિજ્ઞાનમાં મજબૂત પાયો હોવાથી તેઓને નાસામાં સફળતા મળી.

૩. લક્ષ્યપ્રાપ્તિ માટે આત્મવિશ્વાસઃ અંતરિક્ષયાત્રા દરમિયાન ઉત્સુકતા અને નિર્ભયતા એ તેમના વ્યક્તિત્વની ખાસિયત રહી છે.

ઉપસંહાર

સુનિતા વિલિયમ્સ માત્ર એક એસ્ટ્રોનોટ નહીં, પણ અનેક યુવાઓ માટે પ્રેરણાનું સ્ત્રોત છે. ભારત અને વિશ્વભરમાં યુવતીઓને તેઓ એક સશક્ત ઉદાહરણ રૂપે પ્રેરણા આપે છે કે સપનાઓ તો પૂરાં થઈ શકે છે, જો મહેનત અને સાહસ સાથે આગળ વધવામાં આવે.
નયના જે. સોલંકી...આંખો

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO..73**

વિષય.. અવકાશયાત્રી સુનિતા વિલિયમ.
શીર્ષક..ઉંચી ઉડાન છે મારી....
પ્રકારઃ પદ્ય. શબ્દઃ ૯૫

સુનિતા વિલિયમ...ભારતીય મૂળની છોકરી આકાશમાં આટલું સાહસ અને ધૈર્યથી આટલો બધો વખત ત્યાં રહી શકે,એનું કારણ ખબર છે,એનો અંદરનો આત્મ વિશ્વાસ એને ઘરમાંથી ઉડવાની તાલીમ આપવામાં આવી છે, એને આઝાદી આપી છે આસમાનને અડવાની એમણે કરી બતાવ્યું,કેટલા વર્ષોની મહેનત હશે,ત્યારે તમે ધીરજથી આ પાર કરીશકો,
સુનિતા એ આકાશમાં ચાંદ ને તારાઓ જોયા,નાસા માં પોતાનું નામ કર્યું,
ગર્વ છે,ભારત અને અમેરિકાને આવી વિરાગનાં નારી પર આશા રાખીએ કે આપણે ત્યાંથી પણ કોઈ દીકરી ફરી
આસમાનને આંબે તેવી શુભેચ્છા..
નયના પટેલ..નૈન.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO:223 .**

વિષય - "અવકાશયાત્રી સુનિતા વિલિયમ્સ "
શીર્ષક "અંતરિક્ષ નારી સુનિતા "
પ્રકાર- પદ્ય. શબ્દો -૧૨૨.

ગુજરાતી નું ગૌરવ ભારત
અને વિશ્વની અદ્ભુત અવકાશયાત્રી વિરાંગના
એટલે સુનિતા.
અવકાશી એવરેસ્ટ
વિજેતા સંશોધન વિજ્ઞાન સમર્પણ ની મિસાલ
એટલે સુનિતા.
પ્રચંડ આત્મબળ,
યમદેવને નચિકેતા
જેમ મળી આવી
તે સુનિતા.
પળે પળે મૃત્યુ મોં ફાડી ઊભું પણ સંકલ્પ બળે ફરી પાછી પૃથ્વી પર આવી
એ સુનિતા .
અવકાશયાને ગીતા પાઠ જીવી, સંશોધન વિજ્ઞાનની
કેડી જે બની તેની પ્રણેતા
એ સુનિતા.
અવકાશી ફિલ્મોની
કોરી કલ્પના નહીં,
ક્ષણે ક્ષણે મૃત્યુને
મ્હાત કરી ઈતિહાસે
બની અમર એ સુનિતા .
હવે ગ્રહો જ નહીં
વોયેઝરની જેમ બ્રહ્માંડની યાત્રા,એ યાત્રા ની જે બની પાયોનિયર એ
સંકલ્પ સિદ્ધા સુનિતા .
નારી સદા નારાયણી શક્તિ!અંતરીક્ષે પણ ના હારી એ નારી એટલે સુનીતા.

નામ-દેવેન્દ્ર આચાર્ય.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS. NO. 187**

વિષય:સુનિતા વિલીયમ
શીર્ષક:ઝળહળતો સિતારો.
પ્રકાર:પધ શબ્દો :૭૪

મળતા નથી હોતા શબ્દો ક્યારેક મૂલવવાને માનવને,
સુનિતા વિલીયમ અમે કેમ કરીએ વખાણ તમારા તમેજ કહો.
એક છે એસ્ટૉનોટસ.
નામ છે એનું સુનિતા વિલીયમ.
નારી કહું કે સન્નારી કહું,
ના ઝળહળતો સિતારો કહું.
જન્મ અમેરિકામાં મૂળ એનું ભારતમાં.
નામ રોશન કર્યું ખુદનું, માતાપિતાનું સાથે દેશ ભારતનું.
અંતરિક્ષમાં જાનારી અંતરિક્ષથી પૃથ્વીના ફોટા લેનારી.
નવનવ મહિના અંતરિક્ષમાં રહેનારી.
કડી મહેનત, અથાક પરીશ્રમ, ધીરજ.
સાહસ, સમતા, અડગ મનોબળ, ભરપૂર આત્મવિશ્વાસ સાથે એક લગન.
હા, એક છે એસ્ટૉનોટસ નામ એનું છે સુનિતા વિલીયમ.
રચયિતા:ચારુલતા દોશી.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOGG SS no 351**

વિષયઃ અવકાશયાત્રી સુનિતા વિલિયમ્સ
શીર્ષકઃ સફળ ઉડાન
પ્રકારઃ ગદ્ય શબ્દઃ૨૧૪

વિજ્ઞાનના ક્ષેત્રમાં ભારતીય વૈજ્ઞાનિકો પોતાનો ડંકો વગાડી રહ્યા છે, કેટ કેટલા પ્રયોગો થયા છે એક બાજુ નાસા સતત અંતરિક્ષ અને અંતરિક્ષ યાત્રીઓને મૂળ ભારતીય રાકેશ શર્મા, કલ્પના ચાવલા નું નામ સતત ગુંજતું રહે છે પણ બહાદુર સુનિતા વિલિયમ્સ નું નામ કેમ ભુલાય તેવો અને બુચ વિલ્મોર અઠવાડિયા માટે અંતરિક્ષમાં ૪૦૦ કિલોમીટર દૂર પૃથ્વીની પરિક્રમા કરતું અવકાશ મથક સૌથી મહત્વપૂર્ણ પ્રતીક છે આ અવકાશ તબીબી સારવાર શોધવાથી લઈ હવામાનના પરિવર્તન પર નજર રાખવા સુધીના ઘણા પ્રકારના વૈજ્ઞાનિક શોધખોળ કરવા અઠવાડિયા માટે ગયા હતા પણ તેઓ ૯ મહિના અને ૧૪ દિવસ અંતરિક્ષમાં વજન વિહોણા સ્થિતિમાં રહ્યા, સુનીતા અમેરિકા , નૌ સેનાના અકાદમીની સ્નાતક છે તેઓ ૨૭૭ કલાકનો વિમાનના પાયલેટ તરીકે ઉડાવવાનો અનુભવ છે, તેઓ સ્ટાર લાઈનર કેપ્સ્યુલ માં ફસાઈ ગયા હતા તેઓ વજન વિહોણી પરિસ્થિતિમાં રહ્યા જ્યાં પુરતો ઓક્સિજનનો અભાવ જે મગજ ઉપર ભારે અસર કરે છે રેડીએશન નો સામનો કરવા પડે તેવી સ્થિતિમાં રહ્યા તેઓ સ્ત્રી અવકાશયાત્રી તરીકે અવકાશની સૌથી લાંબી સફર (૧૯૫ કલાક) કરવાનો વિક્રમ ધરાવે છે તેઓ ધરતી પર ૧૮/૩/૨૦૨૫ ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન દ્વારા ધરતી પર પહોંચ્યા હતા, તેઓ ભારતની પુત્રી અને મુખ્ય ગુજરાતના દીકરી છે તેઓ ઘણી દીકરીઓના સરક્ષણની સેવા કરી રહ્યા છે, એમના પૈતૃક ગામડે ઝુલાસણ ગયા હતા ત્યારે બાળકો સાથે સમય વિતાવ્યો હતો, હવે તેઓ પૃથ્વી પર સુરક્ષિત આવી ગયા છે જેનો આનંદ દરેક ભારતીય ને છે.
જયશ્રી વાઘેલા મુંબઈ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

***NOG* *SS* *No.* *0185.***

વિષય:- અવકાશયાત્રી સુનીતા વિલિયમ્સ
શીર્ષક:- ગૌરવ ગાથા
પ્રકાર:- પદ્ય (કાવ્ય) શબ્દ સંખ્યા:- ૧૨૯

શૌર્યગાથા રચવા સુનિતા અંતરિક્ષે ઊંડી, જાતની પરવા કીધી નહીં,
ભારતની દીકરીએ રચી ગૌરવ ગાથા, ઝાંસીની જેમ ગભરાઈ નહીં,

લક્ષ્યોને હ્રદયે જીવતાં રાખીને, સંશોધનોમાં જાતને ડુબાડીને રાખી,
બ્રહ્માંડનું કર્યું અવલોકન હરખથી, શૂન્યાવકાશમાં તરીને જ્ઞાને વસી,

ગુજરાત ને ઝુલાસણને કર્યું કીર્તિમાન, ને ભારતની પ્રતિષ્ઠા વધારી,
સુનીતા વિલિયમ્સ બની છતાં, ભારતીય સંસ્કારોની શાનને વધારી,

વિરાંગના બની હૈયે હિંમત રાખી, બસ્સો છયાસી દિન ધરપત રાખી,
હસતાં હસતાં પાર કર્યા વિઘ્નો, નારી તું નારાયણીનો વિશ્વાસ રાખી,

નાસાએ જવાબદારી સોંપી અમૂલ્ય, તમારી શૂરવીરતાને છે સલામ,
વિશ્વ આખું રાહ જોતું હતું તમારું, ઈતિહાસને રચ્યો તમે છે સલામ,

તમે છો પદ્મવિભૂષણ વિજેતા, ને માનવ જાતના પૂરા છો પ્રેરકબળ,
સ્વપ્નોને સફળતાએ સાકાર કર્યા, જીવન જંગના છો તમે પ્રેરકબળ,

નવા સાહસના બન્યા તમે ઉર્જાધારી, સુવર્ણ અક્ષરોએ લખાશે કથા,
'ઝરૂખો' બે હાથે નમન કરે, વિશ્વે ચમકતી બહાદુરીની તમે છો કથા.

-દિલીપ સી. સોની 'ઝરૂખો' અમદાવાદ.

# આદ્યશક્તિ માં જગદંબા ના આરાધના નું પર્વ એટલે ચૈત્રી નવરાત્રી આજે ચૈત્ર સુદ એકમ ને રવિવાર થી આરંભ



આદ્યશક્તિ માં જગદંબા ના આરાધના નું પર્વ એટલે ચૈત્રી નવરાત્રી આજે ચૈત્ર સુદ એકમ ને રવિવાર થી આરંભ થયેલ ચૈત્રી નવરાત્રી ના પવન પર્વ ને લઈ પંચમહાલ જિલ્લાના સુપ્રસદ્ધિ યાત્રાધામ તેમજ શક્તિપીઠ પાવાગઢ ખાતે પ્રથમ નોરતે એક લાખ ઉપરાંત માઈ ભક્તો ઉમટી પડી માતાજીના ચરણ માં શીશ ઝુકાવી ધન્ય બન્યા હતા.

૫૧, શક્તિપીઠ પૈકી ની એક શક્તિપીઠ પંચમહાલ જિલ્લાના યાત્રાધામ પાવાગઢ ડુંગર પર જગતજનની શ્રી મહાકાળી માતાજી બિરાજમાન છે. આ યાત્રાધામ તેમજ શક્તિપીઠ ખાતે માતાજીના ભક્તો વર્ષ દરમ્યાન લાખોની સંખ્યામાં આવતા હોય છે. જેમાં ગુજરાત ઉપરાંત પડોશી રાજ્યો મધ્યપ્રદેશ રાજસ્થાન તેમજ મહારાષ્ટ્ર માંથી પણ મોટી સંખ્યામાં માઈ ભક્તો માતાજીના દર્શનાર્થે આવતા હોય છે. જેમાં પણ ખાસ કરીને ચૈત્રી નવરાત્રી, આસો નવરાત્રી, તેમજ સાતમ, આઠમ, પૂનમ નું અનેરું મહત્વ હોય છે. તે ઉપરાંત શનિવાર, રવિવાર અને જાહેર રજાના દિવસોમાં માઈ ભક્તો મોટી સંખ્યામાં ઉમટી પડતા હોય છે.

રવિવાર ના રોજથી શરૂ થતી નવરાત્રી પર્વ ને લઈ માઈ ભક્તો શનિવાર ની રાત્રેથી ભક્તો માટી સંખ્યામાં પાવાગઢ ને જોડતા તમામ માર્ગો પર ભક્તો નો પ્રવાહ પાવાગઢ માતાજીના દર્શનાર્થે જતા જોવા મળ્યા હતા. પગપાળા યાત્રાળુઓ ના કારણે માર્ગો પર જય માતાજી ના ભારે જયઘોષ ચારે કોર સંભળાતા હતા. મધ્યરાત્રીથી મંદિર પરિષદ તેમજ મંદિરના પગથિયા પર ભક્તો નિજ મંદિરના દ્વાર ખુલે તેની પ્રતીક્ષામાં કલાકો સુધી પ્રતીક્ષા કરતા જોવા મળ્યા હતા. જ્યારે મંદિર ટ્રસ્ટ દ્વારા નિજ મંદિર ના દ્વાર વહેલી સવારે ચાર કલાકે નિજ મંદિરના દ્વાર માતાજી ના ભક્તો ના દર્શનાર્થે ખુલ્લા મૂકતા ભક્તો દ્વારા જય માતાજી ના ભારે જયઘોષ થતા મંદિર પરિષદ ગુંજી ઉઠ્યું હતું.

જ્યારે ભાવિક ભક્તો ની સુરક્ષા અને સલામતિ ના ભાગ રૂપે પાવાગઢ તળેટી થી લઈને નિજ મંદિર પરિષદ સુધી ૭૦૦, ઉપરાંત પોલીસ કર્મી ઓ ખાડે પગે ફરજ બજાવી રહ્યા છે. આ ઉપરાંત તળેટીથી લઈ નીજ મંદિર સુધી ૭૦, ઉપરાંત સીસીટીવી કેમેરા લગાવવામાં આવ્યા છે. જેને લઈ યાત્રિકો પર સતત બાજ નજર રાખવામાં રાખવા માં આવી રહી છે.

જ્યારે યાત્રિકો ને તળેટી થી માંચી સુધી આવવા જવા માટે એસ.ટી. વિભાગ દ્વારા ૫૦ એસ.ટી બસો સતત ૨૪ કલાક તળેટીથી માંચી સુધી અવિરત પણે ચલાવવામાં આવી રહી છે.

૨૮, માર્ચ મધ્યરાત્રી થી એસટી બસના ભાડામાં નિગમ દ્વારા વધારો કરાતા પાવાગઢ આવતા યાત્રાળુઓની યાત્રા મોંઘી થઈ છે. ત્યારે ડુંગર પર ખાનગી વાહનો લઈ જવાના જિલ્લા સમાહર્તા ના પ્રતિબંધના જાહેરનામાને પગલે એસટી દ્વારા પ્રથમ નવરાત્રી એ ૬૦, એસટી બસ તળેટી થી માંચી સુધી ચલાવવામાં આવી હતી જેમાં બપોરે ચાર વાગ્યા સુધી એસટીની ૫૮૨ ટ્રીપમાં ૩૫,૧૧૧ યાત્રાળુઓ એ મુસાફરી કરી હતી જેના પગલે એસટીને ૭,૭૮,૧૮૩ રૂપિયાની અધધ આવક થઈ હતી.

જ્યારે જાણવા મળતી માહિતી મુજબ એક તરફ એસટી નો ભાડા વધારો તો બીજી તરફ એસટી દ્વારા સ્પેશ્યલ ફેર ના નામે ટિકિટ ભાડામાં પાંચ રૂપિયા જેટલો વધારો કરવામાં આવ્યો છે જે અંતર્ગત અગાઉ માચી થી તળેટી માટે લોકલ ભાડું ૯, રૂપિયા હતું જે વધારીને ૧૦, રૂપિયા કરી દેવામાં આવ્યું છે જ્યારે એક્સપ્રેસ ભાડું ૧૬, રૂપિયા હતું જે વધારીને ૧૮, રૂપિયા કરી દેવામાં આવ્યું છે જોકે આશ્ચર્યજનક રીતે ફેર નું નામ આપી ચૈત્રી નવરાત્રી દરમિયાન પ્રત્યક્ષ યાત્રાળુએ ૫, રૂપિયા વધારાના ભાડામાં ઉમેરી હાલમાં ૨૩, રૂપિયા ભાડું એસટી દ્વારા લેવામાં આવી રહ્યું છે.


આમ પાવાગઢ આવતા યાત્રાળુઓની મોંઘવારીના સમયમાં યાત્રા સરેરાશ મોંઘી થવા પામી છે જેનાથી યાત્રાળુઓમાં એક પ્રકારે રોષ જોવા મળી રહ્યો છે.

# કાંદિવલીમાં રજવાડી ડાયરો યોજાયો



કાંદિવલી વેસ્ટમાં આવેલી કાંદિવલી રીક્રિએશન ક્લબ (કેઆરસી) ની મનોરંજન સમિતિ અને જેજેસી મલાડ દ્વારા કેઆરસીના મેદાનમાં ભાતીગળ રજવાડી ડાયરો યોજાયો હતો. કેઆરસીના પ્રમુખ સંજય શાહ, સેક્રેટરી ગૌતમ આચાર્ય, ભાવેશ મહેતા, ચંદ્રેશ શાહ વગેરેએ આ ડાયરાને સફળ બનાવવા મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. પ્રસ્તુતકર્તા સ્વરકિન્નરી ગ્રૂપ હતું. કલાકારો ભાનુ વોરા, તૃપ્તિ છાયા, ભરતદાન ગઢવી, દર્શન પંચાલ, નયના આચાર્ય હતા. કેઆરસી અને જેજેસીના સભ્યોએ ડાયરો મનમૂકીને માણ્યો હતો.

# જાણીતા સાહિત્યકાર કનુભાઈ આચાર્યની ચાર વાર્તાઓનો અંગ્રેજી પુસ્તકમાં થયેલ સમાવેશ



ઉતર ગુજરાતના મેઘાણી, બનાસકાંઠાના જાણીતા સાહિત્યકાર, અનેક લેખકો-કવિઓના ગુરૂજી, શ્રેષ્ઠ વક્તા,અભ્યાસુ ઈતિહાસકાર એવા કનુભાઈ આચાર્યની ચાર વાર્તાઓનો સમાવેશ અંગ્રેજી લેખક મુકેશ રાવલના પુસ્તક "વ્હીસપર્સ ફ્રોમ અરાવલ્લી;ફોક ટેલસ્ ઓફ નોર્થ ગુજરાત" માં સમાવેશ થતાં બનાસકાંઠાના સાહિત્ય જગતમાં આનંદની લાગણી વ્યાપી છે.

બનાસ સાહિત્ય કલા સંઘના પ્રમુખ તેમજ અખિલ ભારતીય સાહિત્ય પરિષદ બનાસકાંઠાના પૂર્વ સંરક્ષક એવા કનુભાઈ આચાર્ય દ્વારા સાહિત્ય ક્ષેત્રે ખૂબ જ સારૂં ખેડાણ થયેલ છે.તેમના થકી અંદાજે ૭૦ જેટલાં પુસ્તકોનું લેખન તેમજ સંપાદન થયેલ છે.આ અંગ્રેજી પુસ્તકમાં તેમની અનકવેન્સચડ થર્સટ,અનનોન ઓબ્લીગેશન્સ,ધી વેઈટ ઓફ ઈગો,વર્સીસ ઓફ રેડેમ્પશન એમ ચાર વાર્તાઓ સમાવેશ થતાં સૌ સાહિત્યકારોએ રાજીપો વ્યક્ત કરેલ છે. બનાસ સાહિત્ય કલા સંઘના સર્વ મુસાફિર પાલનપુરી,ડો.સૂરેન્દ્રભાઈ ગુપ્તા, ભગવાનભાઈ બંધુ, તરૂણભાઈ શેઠ,કવિ કિશોર પટેલ, નાથાલાલ બ્રહ્મક્ષત્રિય,પ્રો.એ.ટી.સિન્ધી, પ્રહલાદભાઈ ઉણવાળા, મહેશભાઈ મુલાણી, યશપાલસિંહ વાઘેલા, રમેશભાઈ ત્રિવેદી, બળદેવભાઈ રાયકા, દિનેશભાઈ કવિરાજ, મહેશભાઈ મનવર, જયેશભાઈ દેસાઈ, ઈશ્વરભાઈ રાવળ સહિત સૌએ કનુભાઈ આચાર્યને અભિનંદન આપી અઢળક શુભેચ્છાઓ પાઠવેલ છે. કનુભાઈ આચાર્યના પુસ્તકોમાંથી માર્ગદર્શન લઈ કેટલાક વિધાર્થીઓએ પી.એચ.ડી.કરેલ છે અને હજુ ઘણા વિધાર્થીઓ પી.એચ.ડી.કરી રહેલ છે.વિનોદ બાંડીવાળા ડીસા

# બોટાદના ખ્યાતનામ પથરીના હોમિયોપેથીક ડો.જીગ્નેશ હડિયલનું આણંદ હોમિયોપેથીક મેડિકલ કોલેજ એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટયૂટ દ્વારા કરાયું સન્માન

તારીખ ૩૦/૦૩/૨૦૨૫ ને રવિવારના રોજ શ્રી રામકૃષ્ણ સેવા મંડળ કેમ્પસમાં આવેલ જી.એસ.પટેલ વિદ્યાભવનમાં આણંદ હોમિયોપેથીક મેડિકલ કોલેજ એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટયૂટમાં ઈ.સ. ૧૯૮૦ થી અત્યાર સુધીમાં અભ્યાસ કરીને ડોક્ટર બની ગયેલા દરેક ડોકટર મિત્રોનું મેગા એલ્યુમનીનું આયોજન કરવામાં આવેલ.આ આયોજનમાં કોલજમાંથી અભ્યાસ કરીને ડોકટર બની હોમિયોપેથીક ક્ષેત્રે જેમને ખૂબ જ નામના કમાયેલી છે અને જેમણે પોતાના ક્ષેત્રમાં જવલંત સફળતાઓ મેળવી કોલેજ નું નામ ગુજરાત તેમજ દેશ - વિદેશમાં રોશન કર્યું છે એવા તમામ મિત્રોનું છ૭ૐસ્ઌ ૪ ઈં ઈન્સ્ટિટયૂટ દ્વારા સન્માન કરવામાં આવ્યું.આ સન્માનમાં બોટાદ જિલ્લાના ઘરેણું અને ખૂબ જ નાની ઉંમરમાં મોટી નામના મેળવેલ અને ૨૦૦૭ ની બેંચમાં અભ્યાસ કરી ચૂકેલા ડો.જીગ્નેશ હડિયલનું આરોગ્ય ક્ષેત્રે અસંખ્ય સિદ્ધિઓ બદલ સન્માન કરવામાં આવ્યું. ઈ.સ.૨૦૦૭ ની બેંચ માં અભ્યાસ કરી ચૂકેલા મૂળ બોટાદના ડો. જીગ્નેશ હડિયલ દ્વારા કિડની અને પેશાબની નળીમાંથી ઓપરેશન વગર સૌથી મોટી પથરી કાઢવાના પાંચ વર્લ્ડ રેકોર્ડ તેમજ સૌથી નાના બાળકની પથરી



કાઢવાના બે વર્લ્ડ રેકોર્ડ કરવામાં આવેલ અને ×બેસ્ટ હોમિયોપેથીક ડોકટર ઓફ ધ યર × એવોર્ડ પણ મેળવેલ.

ડો.જીગ્નેશ હડિયલ દ્વારા આરોગ્ય ક્ષેત્રની વિવિધ સિદ્ધિઓ બદલ ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ તેમજ ગુજરાતના કેબિનેટ મંત્રીશ્રી,ધારાસભ્યશ્રી,બોટાદ જિલ્લા કલેક્ટરશ્રી તેમજ પ્રાંત અધિકારીશ્રી દ્વારા ૧૫મી ઓગસ્ટ અને ૨૬મી જાન્યુઆરીના રોજ અલગ અલગ ત્રણ વાર સન્માન કરવામાં આવેલ.આણંદ હોમિયોપેથીક કોલેજમાં અભ્યાસ કરી હોમિયોપેથીક ક્ષેત્રે મેળવેલ સિદ્ધિઓ બદલ છ૭ૐસ્ઌ ૪ ઈં દ્વારા ડો.જીગ્નેશ હડિયલનું સન્માન કરવામાં આવતા ફરી એક વાર ડો. હડિયલે બોટાદને અપાવ્યું ગૌરવ.

અહેવાલ કનુભાઈ ખાચર

# મહેસાણાના ઉચરપી ગામ પાસે ટ્રેઈની વિમાન ક્રેશ, મહિલા પાઈલટ ઈજાગ્રસ્ત

મહેસાણામાં પાયલોટ ટ્રેનિંગ સેન્ટરનું એક વિમાન ક્રેશ થયું હોવાના અહેવાલો સામે આવ્યા છે. આ ઘટનામાં એક ટ્રેની મહિલાને ઈજા થઈ છે, જેમને તાત્કાલી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. મળતા અહેવાલો મુજબ આ વિમાન ઉચરપી ગામ પાસે એક ખેતરમાં દુર્ઘટનાગ્રસ્ત થયું છે. વાસ્તવમાં મહેસાણા એરોડ્રોમ પર પાયલોટ ટ્રેનિંગ સેન્ટર ચાલી રહ્યું છે અને વિમાન અહીંથી ઉડાન ભર્યા બાદ ઉચરપી પાસે દુર્ઘટનાગ્રસ્ત થયું હોવાની માહિતી સામે આવી છે. આ ઘટના કયા કારણોસર બની તે અંગેની તપાસ શરૂ કરી દેવામાં આવી છે. આ ઘટનામાં એવી વિગતો પણ સાંપડી છે કે, પાયલોટોને એક પ્રાઈવેટ કંપની દ્વારા ટ્રેનિંગ અપાઈ રહી હતી. ઘટનાની જાણ થતાં પોલીસનો કાફલો અને તંત્રના અધિકારીઓ ઘટના સ્થળે દોડી આવ્યા છે અને વધુ તપાસ હાથ ધરી છે.

# દાદા★ દાદી



અક્ષયને બાળપણથી એક અફસોસ હતો. બંને 'દાદા' તેમજ નાના જોયા ન હતા. બંને 'બા'નો પ્રેમ ભરપૂર માણ્યો હતો. જ્યારે અક્ષયના લગ્ન થયા ત્યારે પપ્પા સાથે બેસીને વિચાર વિનિમય કર્યો.'પપ્પા, હું લગ્ન પછી ત્રણ વર્ષની અંદર પિતા થઈશ. મારે મારા બાળકને દાદા, દાદી તેમજ નાના અને નાની બંનેનો પ્રેમ અપાવવો છે. '

'પપ્પા, જો મને રેસિડંસી હ્યુસ્ટનમાં મળ્શે તો આપણે મોટું બે 'માસ્ટર્સ બેડરુમ'વાળું ઘર ખરીદીશું '

અમોલ, અક્ષયને તાકી રહ્યો. દીકરાની સમજણ પર વારી ગયો. નસીબ સારા કે જે વિચાર્યું હતું તે થયું . બાપ બેટા સરસ મજાનું ઘર જોવામાં વ્યસ્ત થઈ ગયા. અવનીને બહુ ભટકવામાં રસ ન હતો. તેને ખબર હતી, મારી મંજૂરી નહી મળે ત્યાં સુધી કશું નક્કી થવાનું નથી. અંતે બે ઘર પસંદ પડ્યા. અક્ષયની પત્ની અંકિતાને સાથે લઈ બધા નીકળ્યા.મમ્મીએ મનમાં નક્કી કર્યું હતું, 'ઘર અંકિતાની પસંદગીનું લેવું. તેને પસંદગીનો રૂમ આપવો'. લગ્નને હજુ છ મહિના પણ નહોતા થયા. અંકિતા ખુશ હતી. અક્ષય તેમજ મમ્મી અને પપ્પા પ્યારથી નવાજતા. નાનો દિયર રમતિયાળ હતો. અવિ ભણવામાં હોંશિયાર હતો. તેના બધા શોખ પૂરા કરતો. નાના હોવાની બધી મજા તે માણતો. આ વર્ષ કોલેજનું છેલ્લું હતું. મોટાભાઈની માફક ડોક્ટર થવું હતું.

બધું નક્કી થયું. નવા ઘરમાં આવ્યાને ચાર મહિના થઈ ગયા. અંકિતાને સી પી એ થવું હતું . બે વર્ષ માટે ભણવું પડશે તે જાણતી હતી. અમોલ અને અવનીનો નાનો દીકરો અવિ, શિકાગો ભણવા ગયો હતો. રજાઓમાં ઘરે આવે.અમોલ અને અવનીને બાળકોનું સુખ લગ્ન પછી દસ વર્ષે પ્રાપ્ત થયું હતું. અવનીના ભાઈએ, બહેન અને બનેવીનું અમેરિકા આવવા માટે ફાઈલ કર્યું હતું. સમયસર બધું પાર ઉતર્યું અમેરિકા આવી પહોંચ્યા. અમોલ વાણિયાનો દીકરો, નોકરી કરવામાં ન માને. અનુભવ હતો એટલે નવો ધંધો ત્રણ વર્ષમાં બરાબર ચાલુ થઈ ગયો.

અવની ઘરે રહી બાળકોને ઉછેરતી અને અમોલને ધંધામાં સહાય કરતી. જેને કારણે અમોલને સેક્રેટરી ની જરુર ન જણાઈ. અક્ષય અને અવિ શાળામાં જતા થયા પછી અવનીએ મદદ કરી પોતાના વિચારો પણ જણાવ્યા. આમ સમૃદ્ધિ વધતી ચાલી. અક્ષય ડોક્ટર થયો. અંકિતા સાથે લગ્ન થયા. અંકિતાને ભણવામાં તકલિફ ન પડી. અંકિતા ભારતમાં સંયુક્ત કુટુંબમાં ઉછરી હતી. તેના ફાયદા બરાબર જાણતી હતી.

દાદા અને દાદી તેમજ નાના અને નાની પણ માણ્યા હતા. અંહી આવી ઘરમાં વસ્તી જોઈ ખુશ થઈ. એને તો વિચાર સુદ્ધાં ન આવ્યો કે 'હું અને અક્ષય એકલા રહીએ'. અક્ષય પોતાની જાતને ભાગ્યશાળી માનતો.અવની હવે જરુર પડે ત્યારે અમોલને મદદ કરતી પોતાના શોખ પૂરા કરવાની અણમોલ તક સાંપડી હતી. અક્ષય અને અંકિતા તેમના જીવનમાં વ્યસ્ત રહેતા. જ્યારે અવનીને પહેલું બાળક દીકરી આવી ત્યારે ઘરમાં આનંદ ફેલાઈ ગયો.

અંકિતાનો આનંદ બેવડાયો કારણ તેની દીકરી 'અનન્યાને બંને બાજુથી દાદા અને દાદી તેમજ નાના અને નાનીનો પ્રેમ પ્રાપ્ત થઈ રહ્યો હતો. એકનો એક નાનો દિયર નાની ગુડિયા જેવી ભત્રીજીને પ્યારથી નવડાવતો.અક્ષયની અભિલાષા પૂરી થઈ. અનન્યા દાદા, દાદી તેમજ નાના અને નાનીનો પ્યાર માણતી હતી. અનન્યાની પહેલી વર્ષગાંઠ પર નાના અને નાની મુંબઈથી આવી પહોંચ્યા. ઘરમાં લગ્ન જેવો માહોલ હતો. એક તો પહેલી આવેલી પુત્રી અને બધા વડીલોની હાજરી. અંકિતાની નાની બહેન કોલેજમાં રજા હોવાને કારણે આવી પહોંચી હતી.

અંકિતાની નાની બહેન અશ્મિ તોફાન મેલ જેવી હતી. ઘરમાં તેને કારણે સદા ચહલ પહલ જણાતી હતી માસીનો હક બરાબર અદા કરતી હતી. નાતાલની અજાઓ હતી એટલે ઘરે બધાની સાથે રહેવાનો અણમોલ અવસર તેને પણ પ્રાપ્ત થયો હતો. અવિને અશ્મિ સાથે દોસ્તી થઈ ગઈ હતી. લગ્ન દરમિયાન બહુ મુંબઈ રોકાવાનું તેના નસિબમાં ન હતું.અમોલ ધંધામાં બરાબર જામી ગયો હતો. માણસો પણ વિશ્વાસુ હતા. અંકિતાના મમ્મી અને પપ્પાની આગતા સ્વાગતામાં કોઈ કમી રાખી ન હતી. થોડા દિવસોના મહેમાન હતા. અમોલની ચકોર આંખોએ પારખ્યું કે 'દીકરો અવિ અને અશ્મિ મિત્ર થઈ રહ્યા છે. બંનેની ઉમર અત્યારે તો નાની હતી. પણ પાંચથી છ વર્ષ પછી જો બધું બરાબર ઉતરે તો વર્ષગાંઠની બધી તૈયારી થઈ ગઈ હતી. 'કિરન રેસ્ટોરંટમાં ' લગભગ ૧૦૦ જેટલા આમંત્રિત મહેમાનો વચ્ચે મોજ માણી. અનન્યા ,ગુડિયા રાની તે દિવસે મોજમાં હતી. અંકિતાના મમ્મી અને પપ્પા અશ્મિ સાથે પાછા મુંબઈ જવાની તૈયારી કરી રહ્યા હતા.

અમોલે વેવાઈ તથા વેવાણને એક રુમમાં બે મિનિટ માટે બોલાવ્યા. આવનિ અને અમોલે પોતાનો વિચાર જણાવ્યો. અંકિતાના મમ્મી અને પપ્પા એક મિનિટ માટે વિચારમાં પડી ગયા. બેંનેએ આંખોથી વાત કરી અને પોતાની સંમતિ જણાવી.મુંબઈના એર્પોર્ટ પર ઉતર્યા ત્યારે અશ્મિને અનન્યાના દાદા અને દાદીની વાત કરી. અશ્મિ બોલી કાંઈ નહી પણ તેના મનમાં લડ્ડુ ફૂટી રહ્યા. અવિ સાથે સારી એવી દોસ્તી જે થઈ ગઈ હતી !

# બિંદુ સરોવરથી મુક્તિધામ સુધી રિવરફ્રન્ટ બનશે

સિદ્ધપુરમાં સરસ્વતી નદીમાં કાંઠના બદલે બિંદુ સરોવર રિવરફ્રન્ટ બનાવાનું આયોજન ૨૦ કરોડના ખર્ચે સરસ્વતિ નદીમાં બ્યુટીફિકેશન પ્રોજેક્ટ શરૂ કરાયો ભાસ્કર ન્યૂઝ. સિદ્ધપુર સિદ્ધપુરમાં સરસ્વતી નદી કાંઠે રિવરફ્રન્ટના કામને ફરી ગતિ મળી છે. ૧૩ માર્ચ ૨૦૨૪ના રોજ ધોળકિયા ફાઉન્ડેશન અને રાજ્ય સરકારના સંયુક્ત ઉપક્રમે બ્રહ્માડેશ્વર મહાદેવ મંદિર પાસે રૂ.૨૦ કરોડના ખર્ચે બ્યુટીફિકેશન પ્રોજેક્ટની શરૂઆત કરાઈ હતી. ૧ કિ.મી લંબાઈ અને ૦.૫૦ કિ.મી પહોળાઈ ધરાવતા વિસ્તારમાં પાયલોટ પ્રોજેક્ટ હાથ ધરાયો છે. આ કામ માર્ચ ૨૦૨૫ સુધી પૂર્ણ કરવાનું લક્ષ્ય છે. હોળી અને લગ્ન સીઝનના કારણે મજૂરો રજા પર જતા કામ થોડા દિવસો માટે અટકાવાયું હતું. ૧૭ માર્ચથી ફરીથી કામગીરી શરૂ કરાઈ છે. અત્યાર સુધીમાં ૧૨ લાખ ઘન મીટર માટીનું કામ પૂર્ણ થયું છે. માપણીનો રિપોર્ટ સિંચાઈ વિભાગને રજુ કરાયો છે. હાલ ૧૦ મજૂરો સાથે ગેવીયન જાળીની દીવાલનું કામ ચાલી રહ્યું છે.

# ગુજરાતમાં આયુષ્માન કાર્ડ હશે તો પણ નહીં મળે હૃદય રોગની સારવાર, ખાનગી હોસ્પિટલોએ બાંયો ચડાવી

અમદાવાદ સહિત ગુજરાતભરની ખાનગી હોસ્પિટલોમાં આગામી ૧ થી ૭ એપ્રિલ દરમિયાન આયુષ્યમાન ભારત યોજના હેઠળ કાર્ડિયોલોજી સેવાઓ અસ્થાયી ધોરણે બંધ કરવાની ગુજરાત ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલોજીસ્ટ્સ ફોરમ દ્વારા જાહેરાત કરવામાં આવી છે. તેમની માગણી છે કે કાર્ડિયોલોજી સારવાર માટે મળતા વળતરના દરો હાલની આર્થિક પરિસ્થિતિઓ મુજબ નથી. છેલ્લાં દાયકા દરમિયાન સારવાર ખર્ચ સતત વધ્યો છે. પરંતુ, પેકેજના દરોમાં તે પ્રમાણે વધારો નથી થયો, જે દર્દીઓ માટે ગુણવત્તાસભર સારવારમાં અવરોધ ઊભો કરે છે.

ગુજરાત ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલાજિસ્ટ્સ ફોરમે એક યાદીમાં જણાવ્યું છે કે, "સ્ત્નછ૭રૂ નો હેતુ આરોગ્યસંભાળ સુલભ બનાવવાનો છે. પરંતુ આર્થિક વાસ્તવિક્તાઓ-સારવાર ખર્ચની હકીકતને અવગણીને નક્કી કરાયેલા દર અવરોધરૂપ છે. ૐ અને અન્ય પેકેજમાં પૂરતો વધારો નહી થવાથી "સ્ત્નછ૭રૂ હેઠળ ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલોજી સેવા આપવી મુશ્કેલ બની રહી છે. જો યોગ્ય સુધારો નહીં કરવામાં આવે તો પહેલી એપ્રિલથી ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલોજી માટે "સ્ત્નછ૭રૂ હેઠળ સેવાઓ બંધ કરવા ફરજ પડશે.

આ અંગે વિવિધ રજૂઆતો સાથેનું આવેદનપત્ર ગુજરાતના જિલ્લા કલેક્ટરોને આપવામાં આવ્યું હતું. આ ઉપરાંત ગુજરાત રાજ્ય આરોગ્ય એજન્સી અને "સ્ત્નછ૭રૂના સત્તાધીશોને પણ રજૂઆત કરવામાં આવી છે. ગુજરાત ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલોજીસ્ટ ફોરમ દ્વારા કહેવાયું છે કે, હાલના દરો એટલા ઓછા છે કે હોસ્પિટલો અને કાર્ડિયોલોજીસ્ટ ગુણવત્તાસભર સારવાર આપવામાં નિષ્ફળ જાય છે. આ ઉપરાંત સ્થળ પર કાર્ડિયો થોરાસિક અને વેસ્ક્યુલર સર્જરીની ફરજિયાત હાજરીનો નિયમ પણ અવાસ્તવિક-અવ્યવહારુ છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.